Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/વશી.૯૪/૫૦૪૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૦૬/૦૪/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્ય. અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ
સુરત. જિ.સુરત

૨/- નકલ રવાના જાણ સારું...

(એચ.એચ.રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં બોર્ડની ધોરણ-10 અને 12ની પરીક્ષા બાબતે નીચે મુજબની હકીકત દર્શાવેલ છે.

"રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 - પ્રકરણ-4 - શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર: અધ્યયન સર્વાંગી, અનુબંધિત, આનંદપ્રદ અને પ્રવૃત્તિમય હોવું જોઈએ." તે મથાળા હેઠળ પેરેગ્રાફ 4.37 માં નીચેની વિગતો દર્શાવેલ છે.

"4.37 હાલની બોર્ડની અને પ્રવેશ પરીક્ષાઓની પ્રણાલીમાં કોચિંગ વર્ગો કરવાની જરૂરિયાતને દૂર કરવા માટે સુધારણા કરવામાં આવશે. જ્યારે ધોરણ-10 અને 12 માટે બોર્ડની પરીક્ષા ચાલુ રાખવામાં આવશે. વર્તમાન મૂલ્યાંકન પ્રણાલીની આ હાનિકારક અસરોના નિર્મૂલન માટે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરવા માટે બોર્ડની પરીક્ષાઓના માળખાની પુન: રચના કરવામાં આવશે; વિદ્યાર્થીઓ તેમના વ્યક્તિગત હિતોને આધારે ઘણા વિષયોમાંથી બોર્ડની પરીક્ષાના વિષયો પસંદગી કરી શકશે. બોર્ડની પરીક્ષાઓને પણ 'સરળ' બનાવવામાં આવશે. સરળ એ અર્થમાં કે તે પરીક્ષાઓ કોચિંગ કે ગોખવાને બદલે ક્ષમતાઓ અને યોગ્યતાઓની પરીક્ષા કરશે. કોઈપણ વિદ્યાર્થી કે જે શાળાએ જઈ રહ્યો છે અને શાળામાં અધ્યયન માટે પ્રયત્નો કરી રહ્યો છે તે વધારાના પ્રયત્નો વગર બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરી શકશે અને સારો દેખાવ કરી શકશે. બોર્ડ પરીક્ષાઓના 'વર્ષ બગડવાના સંકટ' ને દૂર કરવા માટે, બધા વિદ્યાર્થીઓ કોઈપણ શાળાકીય વર્ષ દરમિયાન બે વખત બોર્ડની પરીક્ષા આપી શકશે. એક મુખ્ય પરીક્ષા અને એક સુધારણા માટે, જો ઈચ્છિત હોય તો."

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં દર્શાવેલ ઉક્ત બાબતે તમામનું ધ્યાન હકીકતો તરફ દોરવામાં આવે છે. જેની સંબંધિત તમામને નોંધ લેવા વિનંતી છે.

સંદર્ભ :- ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત National Education Policy 2020નું ગુજરાતી સંસ્કરણ.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર : ૧૯૩૫
તારીખ : ૩૧/૦૩/૨૦૨૨

## Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar.

## The following facts are stated in the National Education Policy-2020 regarding Standard 10 and 12 Board examinations.

**"National Education Policy-2020 Chapter-4 – Curriculum and Pedagogy in School: Learning Should be Holistic, Integrated Enjoyable, and Engaging." The following details are given in paragraph 4.37 which are reproduced below.**

"4.37 While the Board exams for Grades 10 and 12 will be continued, the existing system of Board and entrance examinations shall be reformed to eliminate the need for undertaking coaching classes. To reverse these harmful effects of the current assessment system, Board exams will be redesigned to encourage holistic development; students will be able to choose many of the subjects in which they take Board exams, depending on their individualized interests. Board exams will also be made 'easier', in the sense that they will test primarily core capacities/competencies rather than months of coaching and memorization; any student who has been going to and making a basic effort in a school class will be able to pass and do well in the corresponding subject Board Exam without much additional effort. To further eliminate the high stakes' aspect of Board Exams, all students will be allowed to take Board Exams on up to two occasions during any given school year, one main examination and one for improvement, if desired."

Attention is drawn to the facts mentioned in the National Education Policy 2020. All concerned are requested to take note.

Reference :- National Education Policy 2020 published by Ministry of Education, Govt. of India.

(B.N.RAJGOR)
Joint director
Gujarat Secondary and
Higher Secondary Education Board,
Gandhinagar.